**ક્રિ. કે. નં.૫૫૪૨/૨૦૦૮**

**: આંક – ૧ લગત હુકમ :**

(૧) ફરિયાદી,ગૌતમચંદ ઈશ્વરલાલ જૈન તે વિકટોરીયા સિલ્ક મીલ્સના પ્રોપરાઈટર દ્વારા હાલની ખાનગી સ્વરૂપની ફરિયાદી આરોપી સામે ધી. એન. આઈ. એકટની કલમ ૧૩૮ મુજબ દાખલ કરેલ છે. જે ફરિયાદ ફરયાદીએ સને ૨૦૦૮ માં દાખલ કરેલ છે. જે બાદ ફરિયાદી હાજર રહેલ નથી. હાલનું કામ સને ૨૦૧૮ થી ડોરમેન્ટ ફાઈલ ઉપર મુકવામાં આવેલ છે. કામ આજરોજ નેશનલ લોક અદાલત અન્વયેની સ્પેશીયલ શીટીંગમાં બોર્ડ ઉપર લેવામાં આવેલ છે.

(૨) હાલના કેસનું રેકર્ડ ધ્યાને લેતા આરોપીને બતાવેલ સરનામે સમન્સ ઈસ્યુ કરતા તે આર.પી.એડી દ્વારા સને ૨૦૦૮ માં બજેલ છે. જે બાદ આરોપીને ઈસ્યુ કરેલ વોરંટ આજદીન સુધી બજેલ નથી. ફરિયાદી કે તેઓના વિ.વ.શ્રી હાજર રહેતા ન હોય તેઓને નોટિસ ઈસ્યુ કરતા ફરિયાદી હાજર થયેલ છે અને તેઓ તર્ફે વિ.વ.શ્રી દ્વારા તા.૨/૩/૨૦૨૩ ના રોજ વકીલપત્ર રજૂ કરેલ છે. જે બાદ ફરિયાદી અદાલતમાં હાજર રહેલ નથી કે આરોપીને પ્રોસેસ બજવણી માટે કોઈ પ્રયત્ન કરેલ નથી. આરોપીએ ફરિયાદમાં બેંગ્લોરનું સરનામું જણાવેલ છે. જે બાદ બેંગ્લોરનું અન્ય સરનામું રજૂ કરેલ છે તે સરનામા ઉપર પણ ફરિયાદી પ્રોસેસ બજાવી શકેલ નથી. હાલનું કામ છેલ્લા –૧૫ વર્ષથી પ્રોસેસની બજવણી માટે મુલતવી છે. પરંતુ આરોપીને પ્રોસેસ બજવણી માટે કોઈ પ્રયત્ન કરેલ નથી. આ તબક્કે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા એસ. રામાક્રિષ્ના વિરૂદ્ધ રામીરેડ્ડી, (૨૦૦૮)(૦)એ. આઈ. આર. (એસ. સી.) ૨૦૬૬ ના ચુકદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ ફરિયાદીને અચોક્કસ સમયગાળા માટે ફરિયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહિ તે સાથો સાથ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિ. અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯, તા. ૧૮/૧/૧૦ ના ચુકાદો ધ્યાને લેતા તેમાં ફરિયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રિય પ્રયાસ કરતા ના હોય તો ફરિયાદપક્ષની બેદરકારી કહેવાય અને તે કારણસર ફરિયાદ રદ થવાને પાત્ર છે. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ લીગલ સર્વીસીસ ઓથોરીટી દ્વારા લોક અદાલત અંગે બહાર પાડેલ એસઓપી મુજબ પણ નિસક્રિય કેસ કાઢી નાંખવા જણાવેલ છે. જે તમામ હકીકત ધ્યાને લઈ હાથ ઉપરના કેસમાં જોવામાં આવે તો ફરિયાદ તથા વિ.વ.શ્રી ૧૫ વર્ષથી હાજર રહેલ નથી કે કોઈ કાર્યવાહી કરેલ નથી. જેથી હાલના કેસનું રેકર્ડ ધ્યાને લેતા ફરિયાદીને હાલની ફરિયાદ આગળ ચલાવવા રસ ન હોવાનું તેમજ તેઓ પાસે આરોપીને પ્રોસેસ બજવણી માટે કોઈ સરનામું ન હોવાનું જણાઈ આવે છે. જેથી હાલની ફરિયાદી ક્રિ. પ્રો. કોડ કલમ ૨૫૬ મુજબ કાઢી આજરોજ નેશનલ લોક અદાલતની સ્પેશીયલ સીટીંગમાં કાઢી નાંખવા માટે ઉચીત જણાઈ આવતુ હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

- ફરિયાદીની હાલની ફરિયાદ ક્રિ. પ્રો. કોડ કલમ ૨૫૬ અન્વયે ફરિયાદીની ગેરહાજરી તથા પ્રોસેસ બજાવવા માટે સરનામું રજૂ ન કરવાના કારણ સર કાઢી નાંખવા હુકમ કરવામાં આવે છે.
- આરોપીને છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.
- આરોપીનું સરનામું મળી આવેથી ફરિયાદી ક્રિ. પ્રો. કોડ કલમ ૩૦૦(૫) મુજબ કાર્યાવાહી કરવા હકકદાર રહેશે.

હુકમ આજ તા.૦૯મી સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ નેશનલ લોક અદાલતની સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૦૯/૦૯/૨૦૨૩

**નીરવકુમાર બિહારીભાઈ પટેલ**
૧૮માં એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
સુરત – કોડ નં. જીજે ૦૧૧૨૬